





અમે-તમે માં ટૂટે ટીમ, એકમેકને દમે છે,
સમે ન વિવાદ ક્રિકેટનો, સૌને ચર્ચા ગમે છે,
ધમ-ધમે નાણાં ને ભમે છે નાઇટ-કલબોમાં,
મેદાનમાં નહીં, ક્રિકેટરો બ્હાર ઘણું રમે છે
(ક્રિકેટમાં જૂથ - ખટપટ)

રંગબેરંગી,
ચગ્યા નભે ગુબ્બારા -
ફૂટશે કોનો?

ભવિષ્ય કેદ
સત્તા સુંદરી માટે -
મત-મશીને..




## ચિંતન

**પરોક્ષે કાર્ય હન્તારં પ્રત્યક્ષે પ્રિયવાદિનમ્ ।**
**વર્જયેત્તાદશં મિત્રં વિષકુમ્ભં પયોમુખમ્ ॥**

'અંદર વિષથી ભરેલ હોય અને ઉપરનો - બાહ્ય દેખાવે, ઉપર-ઉપરથી દૂધ ભર્યું હોય એવા ઘડાનો જેમ, ત્યાગ કરવામાં આવે છે તેમ - પ્રત્યક્ષ-રૂબરૂમાં પ્રિય વચન મીઠું-મધુરૂં બોલતાં હોય એવાં સંબંધી-મિત્રો-પાછળથી તમારા કાર્યને નૂકશાન પહોંચાડે-તેવા લોકોનો ત્યાગ કરવો.'

આજના જમાનામાં નિખાલસ માણસ મળવા અતિ કઠીન છે, સ્વાર્થ ને કારણે દંભ-લુચ્ચાઇ-છેતરપીંડી અને બનાવટ તો હવે તદ્દન સ્વાભાવિક થઇ ગયા છે, ઉલ્ટાનું આ દુર્ગુણો માણસમાં ન હોય તો ભોટ-ભોળીઓ-મૂર્ખમાં ગણતરી થાય છે.

આજે દંભને કારણે માનવ સ્વભાવ-ચારિત્ર્ય કે તેના હ્રદયનો સાચો પરિચય થતો નથી. તુલસીદાસજીએ રામાયણમાં કહ્યું છે, જૂઠું બોલવું, જૂઠું વર્તન, જુઠું વિચારવું આજના પ્રવિણ-હોંશીયારના લક્ષણ થઇ ગયા છે.

આવાં દંભી માણસો આપણી સમક્ષ હાજર હોય ત્યારે આપણું સારૂં બોલે અને ગેરહાજરીમાં 'વાટી' નાખે. એમને માટે પોતે અને પોતાનો સ્વાર્થ સિવાય બીજું કોઇ જ સ્નેહી-સંબંધી નથી.

આ શ્લોકમાં ઝેરથી ભરેલા ઘડા ઉપર માત્ર દેખાવ પૂરતું દૂધ હોય એવી સરખામણી કરી છે. આવાં સગાં-સંબંધી-મિત્રોથી દૂર રહેવું.

## સુવિચાર

- નમ્રતા, બળ-શક્તિ, અને પરાક્રમનું ભૂષણ છે - **વેદવ્યાસ**
- નમ્રતા બધા જ સદ્‌ગુણોનો પાયો છે - **કન્ફ્યુસિયસ**
- મહત્તાનાં પુરૂષો નમ્રતાની સુગંધથી જ શોભે છે - **ભતૃહરિ**
- પ્રેમપૂર્વકનો વહેવાર, સહનશીલતા, ત્યાગ અને નમ્રતાથી મનુષ્ય તો શું, દેવો પણ તમને વશ થશે - **ટિલક**
- નૂકશાન, તકલીફો, અને મુશ્કેલીઓ સહન કર્યા પછી જ માણસમાં બુધ્ધિ અને નમ્રતા આવે છે - **રસ્કિન**
- કોઇ પણ ક્ષેત્રના મોટા માણસની કસોટી તેની 'નમ્રતા'ના પ્રમાણથી જ થાય છે- **રૂસો**
- નમ્રતા વિનાનો માણસ પાણી વિનાની નદી જેવો છે - **પર્લ બર્ક**

## બોધ કથા

સ્વર્ગ ક્યાં છે? ક્યારે મળે? કોને મળે? મૃત્યુ પછી મળે? સ્વર્ગમાં પ્રવેશ પામવાની ફી - લાયકાત શું? આપણને સ્વર્ગની સાચી સંકલ્પના જ નથી. 'સ્વર્ગ' એ નકશામાં બતાવી શકાય એવો કોઇ પ્રદેશ નથી. સૌને માટે સ્વર્ગની વિભાવના-સમજ અલગ-અલગ હોઇ શકે!

ઉમાશંકર જોશી કહેતા, મારા વર્ગમાં હું ભણાવતો હોઉં અને વિદ્યાર્થીઓ રસતરબોળ ગુજરાતી સાહિત્ય માણતા હોય એ મારે માટે 'સ્વર્ગ' છે.

કોઇ મમતાળુ-લાગણીશીલ-કુટુંબપ્રેમી સાંજના સમેય સંપીને આખા પરિવાર સાથે 'ખીંચડી' જમતાં હોય તો એને માટે એ સ્વર્ગ છે.

કોઇ ચિત્રકાર કેન્વાસ પર પોતાની કલ્પનાને રંગોમાં અવરિત કરે એનો જે આનંદ હોય, એ એને માટે સ્વર્ગ છે.

કોઇ ભજનપ્રેમી-વહેલી પરોઢે સંગીતના આહ્‌લ્લાદક સુરો સાથે પણ પોતાનો બેસુરો રાગ બેફિકર આલાપી શકે એનો આનંદ એ એનું સ્વર્ગ છે.

કોઇ નિરાશ-હતાશ-ભગ્ન પ્રેમીને કોઇ પ્રેમાળ ખોળો અને વાત્સલ્યની નિઃસ્વાર્થ હૂંફ મળી જાય એ એનું સ્વર્ગ છે.


સ્વર્ગ અહીં જ છે દૂર નથી, આપણી નજીક જ છે, પ્રશ્ન સ્વર્ગમાં જવાનો નથી પણ આપણી આસપાસ આપણને મળેલા સ્વર્ગમાં કેવી રીતે રહેવું - એ કળા હસ્તગત, કરી પામવાનો છે.

# પ્રજાનાં હાથમાં તાકાત છે, જો પ્રજા એક બને તો, મતદાન મથકો ગમે તેવી મોટી તાકાતોને ગળી જવાની ક્ષમતા રાખે છ, તમારી આંગળી પર થતું નિશાન માથા પર થતાં તિલક જેટલું જ પવિત્ર ગણજો...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

આવી ગયું લોકશાહીનું મહાપર્વ આવી ગયું. ચૂંટણી અને નિયમિત થતી ચૂંટણી એક પેરામીટર છે, એક સંકેતક છે - જે દર્શાવે છે વિશ્વનાં સૌથી મોટા ગણતંત્રમાં લોકશાહી ધબકે છે, પણ શું પેરેલાઇઝ્‌ડ થઇ ગયેલા શરીરમાં ફક્ત હૃદય જ ધબકતું હોય તો તે શરીરને જીવિત ગણવું કે મૃત ગણવું કે પછી જીવિત મૃત!!? પાનનાં ગલ્લાઓથી આયાત કરેલાં લલ્લાઓ સુધીનાં ચૂંટણી વિશ્લેષકો જયાં જગ્યા મળી ત્યાં થૂંકી રહ્યાં છે. દરેક ચૂંટણી બાદ શીત નિંદ્રા કે ગ્રીષ્માનિંદ્રા કે હાઇબરનેશનમાં જતી રહેતી દરેક પ્રજાતિ પોતપોતાનાં દરમાંથી - ગુફામાંથી બહાર આવી છે - રીક્ષાઓ પર ચોંટાડેલાં ભાડાઓમાંથી નીકળે છે - પોતાનાં એરિયાની ખુલ્લી ગટરોને સૂંઘે છે - પાર્ટીની વેલ પ્રિન્ટેડ ધજાઓમાં ફરકે છે - રોજ સવારે છાપાનાં ખૂણાઓમાં નમસ્કાર મુદ્રામાં છપાય છે - એકાદ ઝૂંપડામાં જઇ ભરેલાં ગ્લાસમાંથી ચાર ઘૂંટડા પાણી પી ભેગા થયેલાં કાર્યકર્તાઓની તાળીઓમાં પીટાય છે.

પાંચ વરસ "ક્યાંક" બેસવા માટે બસ હવે એ બધી જ જગ્યાએ ઊભો જ દેખાય છે... હજી પણ હજ્જારો વર્ષો જૂના ભારતીય ઇતિહાસની વાસ પેપરોનાં નવાં નક્કોર મલ્ટીકલર પાનાઓમાંથી આવે છે. જ્ઞાતિ, ક્ષેત્ર, ધર્મ લોકશાહીનાં ગળામાં એવા ફસાઇ ચૂક્યા છે કે અન્ય પોષક તત્ત્વો શરીરમાં ઊતરી શકતાં નથી... હા, લોકશાહી જીવે છે પણ બેહોશ છે.



ભારતનું સદ્‌ભાગ્ય એટલું કે બંધારણનાં આર્ટિકલ ૩૨૪માં નિર્દેશિત ચૂંટણી આયોગ કે ઇલેકશન કમિશન વર્ષોથી ચૂંટણી દરમિયાન લોકતંત્રની ગરિમાનું સંરક્ષણ કરતું આવ્યું છે. ઇલેકટોરલ રિફોર્મની ચર્ચા વર્ષો જૂની છે - પોલિટીકલી અવેર એન્ડ એજ્યુકેટેડ લોકો આ રિફોર્મ કે બદલાવનાં પક્ષમાં બૌધ્ધિક તર્ક અને દલીલો રજૂ કરી રહ્યાં છે. પરંતુ આ વ્યવસ્થાને પલટાવી શકવાની અંતિમ તાકાત સંસદનાં હાથમાં છે - અને મારા વ્હાલાં મિત્રો હવે સાંભળો, જોઇ કોઇ પહાડની ટોચ પર રોપ-વેથી પહોંચાતું હોય તો તેને કાપીને પથ્થરની સીડીઓ લગાડવા - બનાવવા કોઇ તૈયાર થશે ખરૂં?

આપણું નિર્વાચન તંત્ર આપરાધિક પૃષ્ઠભૂમિ ધરાવતાં કે સદંતર ગેરલાયક ઉમેદવારને રાજકારણ કે ચૂંટણીથી દૂર રાખવામાં નિષ્ફળ નિવડ્યું છે. સરકારો અને પક્ષોની તકવાદી માનસિકતાએ તથા પાર્ટી પોલિટિક્સનાં દલદલમાં ખૂપતાં મતદાતાનો વિશ્વાસ ડગ્યો છે - મતની તાકાત તેને પોતાની સર્વોચ્ચ તાકત લાગતી નથી - "ફક્ત" રસ્તાઓ અને ગટરો બનાવી આપનારો જ વિકાસ વીર છે એમ? - પેલા હાથી અને આંધળાઓની વાર્તાની જેમ દરેક પોતાની દૃષ્ટિ (!!?) એ હાથીને મૂલવે છે, પણ વાસ્તવમાં આખો હાથી કોઇને દેખાતો જ નથી ત્યારે વિશેષતા કે ખામીઓની ચર્ચા કયા આધાર પર? "વિકાસ" એટલે શું? વિકાસન વ્યાખ્યાયિત કરી શકાય ખરો? આ "નક્કી" કોણ કરે છે એ "નથી" એવા સબૂત પણ કોણ આપી શકે? આ "પરિવર્તન" એટલે કેવું પરિવર્તન??

લોકશાહી ભારતમાં શ્રેષ્ઠ વ્યવસ્થા છે કે શ્રેષ્ઠ વિકલ્પ? ભારતીય મતદાર પાસે મત આપવાની પરિપક્વતા છે?? ખોટું લાગ્યું?... તો શક્ય છે આ વાતમાં ક્યાંક કોઇ તથ્ય હોઇ પણ શકે...!!

ક્યાંક સરસ વાક્ય વાંચ્યુ હતું, 'જયારે સરકાર ખોટી હોય, ત્યારે તમે સાચા ના હોઇ શકો. શું આ પ્રાચીન સમયમાં જોવા મળતી સ્લેવ સોસાયટી. રાજા-પ્રજા કે પછી માર્કસે જોયેલી અને ઔદ્યોગિક મૂડીવાદે પેદા કરેલી માલિક - મજૂરો જેવી જ રૂપાંતરિત થયેલી કોઇ વ્યવસ્થા છે જેના પર ફક્ત લોકશાહી એવું નવું બેલબ મારેલું છે - બોતલ નયી, શરાબ વહી (અને શું એટલે જ લોકશાહીમાં સત્તાનો નશો ચડે છે?) "સત્તાનો નશો" લોકશાહીના શબ્દકોષનો શબ્દ હોઇ શકે? આ જનતા છે એમ.પી., એમ.એલ.એ., તતફફનાં માનનીય ચેરમેન, ફફતતનાં પૂજનીય પ્રેસિડેન્ટ - .... આ શબ્દો શું સૂચવે છે? આ સત્તાસૂચક, સ્થાનસૂચક કે વહીવટ સૂચક? શાસન (Rule) અને વહીવટ (Administration) માં કોઇ ભેદ ખરો? આ મહાશયોની ગાડી પરથી લાલ લાઇટ એ ભયસૂચક કે પછી...?? જિસ સે ઉમ્મીદ હો વો ઉમ્મીદવાર યા જો હમારી ઉમ્મીદોં પર હી વાર કરે તો ઉમ્મીદવાર?? ડિકશનરી ઓફ ડેમોક્રેસી ભરપૂર વિરોધિતાઓથી ભરેલી છે.'

ખેર, મોતની સજા માટે ગરદન કાપતાં ગિલોટીનની તર્જ પર મતદાન ને બેલોટીન પણ કહે છે. મત પવિત્ર છે પરંતુ ત્યાં સુધી, જયાં સુધી તે જાતિ, ધર્મ, લિંગ, વંશ તમામની ઉપર ઉઠી ફક્ત માનવને કેન્દ્રમાં રાખીને અપાય. વિવિધતાઓમાં એકતાનાં દેશમાં નિરાશાઓ વિવિધ છે પણ આશાઓ એક છે. પ્રજાનાં હાથમાં તાકાત છે, જો પ્રજા એક બને તો, મતદાન મથકો ગમે તેવી મોટી તાકાતોને ગળી જવાની ક્ષમતા રાખે છે. તમારી આંગળી પર થતું નિશાન માથા પર થતાં તિલક જેટલું જ પવિત્ર ગણજો... યે લો માચિસ, યા દિયા જલાઓ યા ઘર જલાઓ...

-ch9723367947@yahoo.com

## આજના દિવસનો મહિમા


**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૧૪મી ડિસેમ્બર**

- માનવવંશ શાસ્ત્ર ઇતિહાસ - ધર્મ પર સંખ્યાબંધ પુસ્તકો લખનારા ભારતીય ઇતિહાસના તટસ્થ સંશોધનકાર ફાધર હેન્રી હેરાસનીની પુણ્યતિથિ ૧૪-૧૨-૧૯૫૫. પોલેન્ડ અને અફ્ઘાનિસ્તાને તેમને સંશોધનો માટે સન્માન્યા હતા.
- કચકડાની કલાનો જયોતિર્ધર - અદાકાર રાજકપૂરનો પેશાવર ખાતે જન્મ ૧૪-૧૨-૧૯૨૪.



મેરા નામ જોકર, બોબી, સત્યમ્ શિવમ્ સુંદરમ્, રામ તેરી ગંગા મૈલી, જેવી સફળ ફિલ્મો બનાવી, દાદાસાહેબ ફાળકે એવોર્ડ, પદ્મભૂષણ એવોર્ડ મળ્યો.



- ૧૭૯૯ - અમેરિકાના પ્રથમ પ્રમુખ જોર્જ વોશિંગ્ટનનું અવસાન.
- અર્ધી સદી સુધી જેના લખાણોની અસર અમેરિકા પર રહી તેવા પત્રકાર વોલ્ટર લીપમાનનું અવસાન.
- ૧૪મી ડિસેમ્બર બાળકો માટેના, બાળકો દ્વારા વાર્તાલાપોનું આયોજન કરવા, ૧૪ ડિસેમ્બરે આંતરરાષ્ટ્રીય બાળપ્રસારણ દિન રેડિયો-ટી.વી. દ્વારા ઉજવાય છે.

# પોતાનું ઉચ્ચતમ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું, સિદ્ધિ મળે યા ન મળે, નિરાશ ન થતાં સતત મંડ્યા રહેવું, એ પણ તપ જ ગણાય

**સંસ્કાર ચિંતન**
**- અનંત ન. વ્યાસ**

' વિદ્યા દાનઃ તપઃ સત્યમ ધર્મસ્યેતિ પદાનિ ચ । '

શ્રીમદ ભાગવત પુરાણના ત્રીજા સ્કંધમાં 'તપ' ને ધર્મનો એક પાયો ગણાવેલ છે. ગૃહસ્થો એ તથા વાનપ્રસ્થાએ યજ્ઞ, દાન તથા તપ જેવા સત્કર્મ કરતા રહેવું જોઈએ. તેવું ગીતાજીનું વચન છે. તપ અંગે પુરાણોમાં અનેક વાતો પ્રચલિત છે. આ વાતો પરથી જે વિભાવના વિકસે, તે પ્રમાણે તો તપ એ શરીર પરત્વેનું મમત્વ છોડી પરમાત્મા સાથે સંબંધ બાંધવાનો માર્ગ છે. આમ તપ વ્યક્તિને આધ્યાત્મિક માર્ગે આગળ વધવાની સીડી છે. મનુસ્મૃતિ પ્રમાણે 'મન તપને શુધ્યતે' મન તપથી શુદ્ધ થયા છે. આંતરિક કલેશો સપાટી પર આવી વિગલન પામતા ચિત્ત નિર્મળ બને છે. ચૈતન્ય સાથે એકરૂપતા સધાય છે.

તપ અંગેની જે વિચારધારા પુરાણોમાં જોવા મળે છે તેવા પ્રકારના તપની વાતો 'વેદો'માં નથી. ઉપનિષદમાં સાત્વિક પ્રયાસોને તથા વિચાર મંથનને 'તપ' એવું નામ અપાયું છે. જેમ કે, તૈતિરીય ઉપનિષદમાં વરૂણ પોતાના પુત્રને બ્રહ્મને જાણવા તપ કરવાનું કહે છે. તેજ રીતે 'પ્રશ્નોપનિષદ'માં પિપ્પલાદ મુનિ પોતાને પ્રશ્નો કરવા આવેલા અન્ય છ ઋષિઓને એક વર્ષ પ્રશ્ન પર ચિંતન કરવા કહે છે. આ સમય દરમિયાન 'તપ' એટલે વિચાર મનન અને ધ્યાન તેવો અર્થ થતો હતો. પુરાણોના સમયમાં તપની વિભાવના બદલાઈ. હવે તપ દ્વારા ચોક્કસ દેવોને પ્રસન્ન કરી મન ચાહ્યું વરદાન પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરવો અને આ માટે ઘોર વનમાં જવું તેમ મનાવા લાગ્યું. તપ માટે વનમાં જવા પાછળ કદાચ બ્રહ્માએ રૂદ્રને 'વિવેશ તપસે વનમ્' તેમ કહેલું તે પાયામાં જણાય છે. તપ દ્વારા ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકાય તેવો ભાવ પણ પ્રજાપતિના આ શબ્દોથી 'તપસેન યથાપૂર્વ સ્રષ્ટા ભવેતા' વિસ્તર્યો હશે.

પૌરાણિક કથાઓમાં 'તપ' વિશે અતિશ્યોક્તિ ભરી કથાઓ મળે છે જેમકે ઈન્દ્રે છત્રીશ- હજાર વર્ષ તપ કર્યું . ધ્રુવે પગના અંગૂઠઆના આધાર પર ઊભા રહી તપ કર્યું. માત્ર વાયુ- ભક્ષણ કરીને પણ ઋષિઓ હજારો વર્ષ તપ કરતા. આવી વાતોમાં તથ્ય કરતાં સર્જકની કલ્પના વધારે ચાલતી હોય છે. પૌરાણિક સમયમાં 'તપ'ના આરાધ્ય દેવો બ્રહ્મા તથા સદાશિવ હતા. તપનો હેતુ મોટાભાગે તો પરમાત્માના દર્શનનો જ રહેતો પરંતુ વિવિધ સ્વભાવના દેવો માનવીઓ તથા અસુરો પોતપોતાના સ્વાર્થ સાધવા તપ કરતા. લક્ષ્યસિધ્ધિ માટે વર્ષોનાં વર્ષો સતત પ્રયત્નો ચાલતા. એક માત્ર લક્ષ્ય વરદાન પ્રાપ્ત કરવાનું રહેતું. દેવો સમસ્ત પ્રજાના કલ્યાણ માટે સાત્વિક ભાવે તપ કરતા. તો અસુરો અમરતા મેળવવા સત્તા પ્રાપ્ત કરવા કે ઈન્દ્રને જીતવાના મનસુબા સાથએ તપ કરી વરદાન મેળવતા. દેવો કરતાં અસુરોનું તપ વધારે ઊગ્ર ને ઘોર હતું.

આધુનિક સમયમાં જીવનને હેતુપૂર્ણ બનાવવા માટે 'તપ'ની આવશ્યકતા તો રહે છે પણ વનમાં જવાતું નથી. વરદાન આપવા કોઈ દેવ ઊતરી આવતા નથી. આજના સમયમાં કયા પ્રકારે 'તપ' થઈ શકે અને તેનો પ્રભાવ કેવો પડે તે વિચારવું જરૂરી છે. આ બાબતમાં જૈન ધર્મ પૂરતું માર્ગદર્શન પુરૂં પાડે તેમ છે. કારણ કે જૈન ધર્મમાં 'તપ'ને વધારે મહત્વ અપાયું છે. કર્મનો ભાર ખંખેરવાને 'લઘુકર્મી' થવા તપ જરૂરી મનાય છે. જૈન ધર્મ વનમાં જવાને બદલે ઘર આંગણે - દેરાસરમાં કે ગુરૂના સાનિધ્યમાં રહી તપ કરવાનું સૂચવે છે. 'અટ્ઠાઈ તથા વરસી તપ' જેવા તપોનિત્ય કરવાના હોય છે. જૈન સિધ્ધાંત પ્રમાણે કાયાને કષ્ટ આપી તેને સુકવી દઈ. ઈન્દ્રિયોને વિષય ભોગથી દુર રાખી. ઈન્દ્રિયો પર વિજય મેળવવાનો હોય છે. યુવાચાર્ય મહાપ્રજ્ઞ આ માટે 'કાર્યોત્સર્ગ' તેવો શબ્દ પ્રયોજે છે. કાર્યોત્સર્ગ એટલે કોઈ પણ એક સ્થિતિમાં લાંબો સમય રહી કાયાનું શિથિલીકરણ સાધવું મહાપ્રાજ્ઞના મંતવ્ય પ્રમાણે કાયોત્સર્ગમા અન્ય બે તત્વો પણ હોય છે. સહિષ્ણુતા અને અભય. સહિષ્ણુતા એટલે જે પણ આવી પડે તે સહન કરવું. બાહ્ય કે આંતર સંઘર્ષ સહન કરવાનો હોય છે. ગમે તે પરિસ્થિતિ થાય તો પણ વિચલિત થયા વિના શાંત ચિતે સહન કરવાથી કાયા અંગેની ચિંતા ટળે છે. શરીરનું મમત્વ ધરતાં અભય કેળવાય છે. જૈન ધર્મની માન્યતા પ્રમાણે આધ્યાત્મિક માર્ગના પ્રવાસીએ ભયમુક્તિ કેળવવા પડે છે. આ બાબતમાં જગત ગુરૂ શંકરાચાર્ય પણ તિતિક્ષા કેળવવાનું કહે છે. તિતિક્ષા એટલે તમામ દુઃખો સહન કરવાની વૃત્તિ. અત્યારના વ્યાપક ગૃહસ્થ જીવન ગાળતા નોકરિયાતો, વેપારીઓ, વકીલો કે ડૉકટરો માટે પણ જીવનમાં 'તપ' કરવાની અનિવાર્યતા આવશ્યકતા હોય જ છે. આજનું આ તપ ભાગવત ગીતાના માર્ગદર્શન પ્રમાણે તપવામાં આવે તો કેટલાક સામાજિક સંકટો આપોઆપ ઘટી જાય. ભાગવાન શ્રીકૃષ્ણે 'તપ'મે શારીરિક, વાચિક તથા માનસિક તેવા ત્રણ વિભાગમાં વહેંચ્યું છે. શારીરિક તપમાં ઘરના વડિલો પરત્વે માન અને પ્રેમ પૂર્વકનું વર્તન. પોતાના ગુરૂઓ પ્રત્યે સદ્‌ભાવના. જ્ઞાનીજનો તરફ નમ્રતાભર્યા વંદન. પ્રથમ સ્થાને આવે શરીરની પવિત્રતા માટે સ્નાન તો આવશ્યક છે જ પરંતુ 'શૌર્ય' શબ્દમાં શરીરની સાથે વિચારોની શુધ્ધિ પણ જરૂરી મનાય છે. આપણા ચિતમાં જે જાતભાતની ગ્રંથિઓ બંધાઈ ગઈ હોય તેને દુર કરવી તે પણ તપ છે. વાસનામય જીવન ગાળવા કરતાં સંયમિક જીવન ગાળવું. વારંવાર કોધ્ર કે આવેશના વેગમાં ન તણાવું. આ આધુનિક શારીરિક તપ છે.

શારીરિક તપ કરતાં વાચિત તપ વધારે કઠિન છે. આપણી આ જીભ જીવનને કલેશથી. કડવાશથી પણ ભરી શકે છે તેમજ મધુરતાથી પણ ભરે છે. વાણી પરનો કાબુ મહત્વનો છે શક્ય હોય ત્યા સત્ય બોલવું અથવા મૌન રહેવું. કોઈને પણ કઠોર વચનો ના કહેવા. કોઈનું હિત થતું હોય ત્યાં આડવાણી ન ઉચ્ચારવી. જાણી જોઈને કોઈનું અપમાન ન કરવું. ઈત્યાદિ કર્મ વાચિક તપ છે.

માનસિક તપ વ્યક્તિની ભૂમિકા દર્શાવે છે. કોઈપણ સ્થિતિ હોય તો પણ મનની પ્રસન્નતા ન ટળે. ચિત્ત શાંત રહે. આપણું વર્તન સાનુકૂળ તથા પ્રતિકૂળ પ્રસંગોમાં સરખું જ રહે. મનમાં પવિત્ર ઉચ્ચ વિચારો કેળવાય. ભાવના શ્રધ્ધામય બને જે ભાવનામય હૃદય શાંતિ અનુભવો એ માનસિક તપ છે. આ ત્રણે પ્રકારના કાત્યક વાચિક કે માનસિક તપ સહજ રીતે તપાય તો સાત્વિક ગણાય. પણ જો માન મેળવવા કંઈ બદલા માટે. ખુશામત માટે આચરવામાં આવે તો રાજસ તપ કહેવાય. પણ જો વ્યક્તિ પોતાની શક્તિ વિચાર્યા વિના મૂર્ખતા કરે, હઠ કરે. શરીર પર બળજબરી કરે. કોઈનું અહિત કરવા માટે તપ કરે તો તે તામસ તપ છે. આપણે ત્યાં અસુરો તથા રાક્ષસો તામસ તપ જ તપતા.

તપ વિશે અન્ય રીતે પણ વિચારવું જોઈએ. આજના સમયમાં મેડિકલ કે એન્જિનીયરીંગ કોલેજોમાં અભ્યાસ કરતાં તનતોડ મહેનત કરતા વિદ્યાર્થીઓ પણ એક પ્રકારનું તપ જ કરે છે. સાચા વિદ્યાર્થીનું જીવન પણ ઋષિ જીવન જેવું હોય છે. તેને આહાર, નિંદ્રા, અલ્પ કરી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે સતત મથતો રહે છે. સમાજનું હિત પણ તેના મનમાં હોય છે. ગુણવંતભાઈ શાહ પ્રયોગ શાળામાં કાર્ય કરતા વૈજ્ઞાનિકોને પણ ઋષિ કહે છે. કોઈ કલાકાર પોતાની કલાકૃતિ સર્જવા દિન-રાત એક કરે- ભૂખ-તરસ વિસારીને કર્તવ્ય કર્મમાં લાગુ રહે તે પણ તપસ્યા જ છે. નિયમિત જીવન ગાળનારા સંતો અને ભક્તો ભલેને સાંસારિક જીવન જીવતા હોય તો પણ તપસ્વી ગણાય છે. આપણા ઘરમાં આપણી માતાઓ, પત્ની, બહેનો જે રીતે સહન કરી ગૃહસ્થીનો ભાર ઉપાડે છે તે પણ સાચા અર્થમાં તપસ્વી ગણાય જ. તપ કરવા જંગલમાં જઈ, નાક પકડીને બેઠા રહેવું મહત્વનું નથી. પરંતુ પોતાનું ઉચ્ચતમ લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહેવું. સિદ્ધિ મળે યા ન મળે. નિરાશ ન થતાં સતત મંડ્યા રહેવું. એ પણ તપ જ ગણાય.

અંતમાં મહાકવિ નાનાલાલે પોતાની પત્નીને જે અંજલિ આપી છે તે સાચા તપસ્વીનું લક્ષણ વ્યકત કરતા કહે છે.

'પંચાગ્નિ પંચશીખ, પંચ દિશામાં બળે છે,
હોમાઈને હવિરૂપ મહી તું જ બળે છે.'

## સાચો રસ્તો

તમે ક્યાં રહો છો?
શહેરમાં કે ગામડામાં?
રસ્તા વગર ચાલે નહીં,
શહેરમાં પાકા રસ્તાં હોય
ગામડામાં કાચા રસ્તા હોય
પાકા રસ્તા પર વાહન સડસડાટ ચાલે
કાચો રસ્તો કાંકરાવાળા હોય,
શિયાળો, ઉનાળો, કે ચોમાસું
કાચા રસ્તા પર ચાલવું ગમે નહીં!
એમાંય જો ચોમાસામાં કાદવ કીંચડ
થાય તો કોઇ સ...ર...ર...ર... લપસી પડે!
ગુજરાતમાં થામણા ગામ. એની નજીક ઉમેરઠે ગામ.




એ બે ગામ વચ્ચે કાચો રસ્તો. ચોમાસામાં રસ્તા પર પાણી ભરાય અને સૌ લપસી પડે. કોઇના હાથ-પગ ભાંગે - કપડાં પણ બગડે.

સૌ બબડે કે કોઇ કે તો પાકો રસ્તો બનાવવો જોઇએ, પંચાયત બનાવે કે સરકાર બનાવે! પણ રસ્તો બનાવે કોણ?

ગામડાના સાચા સેવક બબલભાઇ મહેતા, અને થામણાં ગામના શિક્ષક જોરાભાઇને થયું, આ તો કરવા જેવું કામ છે, બોલવાથી કંઇ નહીં વળે!

જોરાભાઇએ તો નિશાળના છઠ્ઠા-સાતમા ધોરણના આઠ-દસ વિદ્યાર્થીઓને સાથે લીધા, તીકમ, પાવડા, તગારાં લઇન પહોંચી ગયા, કાદવવાળા કાચા રસ્તા પર. રસ્તા પડખેથી ધાર પરથી માટી ખોદી, માટી પાડવાથી તગારામાં ભરી ઠાલવવા માંડી કાદવ પર, રસ્તાનો ખાડો પૂરાઇ ગયો, માટી કાદવ સાથે ભળી ગઇ.

આ પછી શિક્ષક જોરાભાએ બાર ગધેડાં રોકીને રસ્તા પર ઢેખાળા નંખાવ્યા. પાવડતાથી રસ્તો ઠીકઠાક કર્યો, રસ્તો સરસ ચાલવા જેવો કરી નાખ્યો. એક ડોસાએ આ જોયું. તે ગામના ચોરા પર જઇ સૌને કહેવા લાગ્યો, "બોલ બોલ કરવાથી કંઇ કામ થાય ખરૂં? કામ તો ત્યારે થાય જયારે કોઇ કમર કસીને કરવા માંડે! જોરા માસ્તરે આ કરી બતાવ્યું! વાહ માસ્તર વાહ!"

- 'ઇશ્વર પરમાર'

## સ્વર્ગસ્થ પ્રબોધભાઈ જોશીને!

સ્વર્ગસ્થ કહેવા મન માનતું નથી
શ્રીજી સ્વરૂપે લીન થવા કોણ જન્મતું નથી?
પ્રબળ જિજીવિષા સાહિત્યરૂપે અવતરી
બોધ દીધો માનવ્યનો સ્વકર્મયજ્ઞથી
ધન્ય બની મા શારદા તવ અક્ષરપ્રેમથી
ભાસ્કર બન્યો ધન્ય તવલલાટે પ્રકાશી
ઈતર તત્વો રહ્યાં તવ મનથી દૂરગામી
રમત રહી બની સહજા તવ શબ્દે-અર્થની
મમતરહી 'ઉદ્દેશ' સંગે શ્વાસપ્રતિશ્વાસની
ન(ણ) મન કરું આપની અચલા સાહિત્યપ્રીતિ
લાભ સાહિત્યસર્જનપ્રીતિનો લેશે સાહિત્યપ્રેમી
લલાટે ઝળકે છે ચન્દ્રતેજરેખા શબ્દસેવનની
જોષ તો લખ્યા વિધાત્રીએ જન્માક્ષર સાહિત્ય સરવાણી
શીદને કરીએ અમે ખેદ પુનીત તવ શબ્દરીતિ
નેહને ન હોયે મર્યાદા માનવ્યની ગમાઅણગમાની
વંદના અમારી પ્રેમીજનોની સ્વીકારજો સ્નેહભરી
દર્પ ન હતો ક્ષણભર SERENE પ્રાંગણે બે ઘડી
નમું છું હું સદૈવ પ્રબોધભાઈ! તવ શબ્દપ્રીતિ

**- ભગવત સુથાર**

## બાળ મિત્રો,

ઘણીવાર ઘરની આસપાસ કચરો પડ્યો હોય છે. આપણી શાળાની આસપાસ, મેદાનમાં કચરો પડ્યો હોય છે. પીવાના પાણીની ટાંકી પાસે કાદવ-લીલ જામ્યાં હોય છે.

આપણે એ બધું જોઇએ છીએ. જોઇને ગમતું નથી. કચરો પગમાં આવે એટલે ચીડ ચડે છે. કાદવ-લીલ જામ્યાં હોય ત્યાંથી પાણી પીવું ગમતું નથી.

આપણે કચકચ કરીએ છીએ. પણ કચરો સાફ કરવા કંઇ કરતા નથી. એના કરતાં આપણી સરખી ઉંમરનાં મિત્રો ને ભેગા કરી મંડી પડીએ તો ઘર-આંગણાનો કે નિશાળના મેદાનનો કચરો થોડીવારમાં સાફ થઇ જાય. અને ચકચકતી શાળામાં ભણવું ગમે. રમવું પણ ગમે.

તો ગંદકી દેખાય ત્યાં કંટાળો નહીં. સાફ કરવા મંડો. ચોખ્ખુ સૌને ગમે, માટે સૌનો સહકાર મળે.